© AJH 2023 | Vol. 05, Issue 01, January – March, 2023

ANSH – Journal of History

ISSN (Online) No. 2582 -046X

Peer-Reviewed, Refereed & Open-Access International Journal of History

# સૂફિ સંત : બાબા ઘોર

**કલસરીયા નિલેશ જાદવભાઇ**

પીએચ.ડી. સ્કોલર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

***ABSTRACT:***

*સુફીઆંદોલન અને ભક્તિ આંદોલન એ ભારતના મહત્વના મધ્યકાલીન યુગના સુધારાવાદી આંદોલન હતા. આ મધ્યકાલીન સમયમાં હિન્દુ અને મુસ્લિમ સમાજમાં અનેક સંતો અને મહંતો થઈ ગયા. એમાં આ રિસર્ચ પેપરમાં આપણે આફ્રિકાથી ગુલામ તરીકે આવી અને સીદી સમાજના આદ્ય સંત શ્રી બાબા ગોર વિશે આપણે સમજાવવાનું છે. કેવી રીતે આ ગુલામમાંથી સંત સુધી ની યાત્રા ની સફળ ગાથા આ સંશોધન પત્રમાં રજૂ કરી છે. માત્ર સુફી સંત તરીકે નહીં પરંતુ પોતે શરૂ કરેલ અકીક ઉદ્યોગ આમ તે સંતની સાથે એક ઉદ્યોગ પણ ચલાવતા હતા. અને આ અકીકના બનાવટો ભારત ઉપરાંત વિદેશમાં પણ નિકાસ થવા લાગી. અનેક આફ્રિકન કારીગરોને આ ઉદ્યોગ સાથે જોડી દીધા. આ સુફી સંતની દરગાહ રતનપુર ઝઘડિયા તાલુકો ભરૂચ જિલ્લામાં આવેલી છે જે બધા જ સીદીઓના આરાધ્યદેવ ગણવામાં આવે છે. અને આ દરગાહ હિન્દુઓ અને મુસ્લિમ ની આસ્થાનું પ્રતીક બનીને રહ્યું છે.*

***KEYWORDS:***

*અકીક ઉદ્યોગ, સુફી આંદોલન, સિલસિલા (શાખા), હક (ઈશ્વર), ખલક (આત્મા), હબસી (સીદી).*

સૂફિ આંદોલનની ભારતમાં બારમીથી તેરમી સદીથી શરૂઆત થઈ હતી.આ મત અનુસાર આધ્યાત્મિક આત્માનાં માધ્યમથી માનવ સેવા કરવાનો હતો. આ સૂફિવાદ એ ભૌતિકતાવાદી જીવનનો વિરોધ કર્યો અને ઈશ્વર પ્રતિ સમર્પણની ભાવના જોવા મળે છે. જે અનેક સિલસિલામાં

વહેંચાયેલો હતો. આ સંતો તરફ હિન્દુ-મુસ્લિમ બંને આકર્ષિત થયાં. ચિશ્તી, સુહાવર્દી, નકશ્બંદી, ફિરદોસી, રશાનીયા, મહવદી, રિસી, કલંદરીય સતારી વગેરે જોવા મળે છે.

સૂફિ નામનો શબ્દ યૂનાની શબ્દ સોફસ પરથી ઉતરી આવ્યો હતો તેવું માનવામાં આવે છે. સૂફિ શબ્દની ઉત્પત્તિ અરબી શબ્દ "સૂફા"થી ઉતરી આવ્યો છે. એક અર્થ એવો પણથાય ઊની વસ્ત્ર પહેરવા વાળો. બીજો શુદ્ધતા અને પવિત્રતા. સૂફિવાદ કુશનની ઉદાર વ્યાખ્યા કરે જેને "તરીકત"કહે છે. સૂફિવાદમાં માને છે "હક" (ઈશ્વર) અને "ખલક" (આત્મા) એક જ.

ગુજરાતની સૂફી પરંપરા સોલંકી કાળથી શરૂ થઈ હતી. પણ આજે તે તદ્દન ઘસાઈ ગઈ છે. સૂફિવાદમાં રહસ્યવાદ અને સમતાવાદ ખ્યાલની સાથે ભક્તિ પરંપરાની સગુણ ભક્તિના દર્શન જોવા મળે છે. તેમાં ખ્રિસ્તી ધર્મની જેમ માનવપ્રેમ અને સેવાં તત્વોનો સમન્વય જોવા મળે છે. સૂફિવાદે કોમી એકતાની ભાવના પ્રકટાવી હતી. આપણે એક એ સૂફિસંતની વાત કરીએ જેણે વાણિજ્યલક્ષી તત્વોનો ઉમેરો કર્યો છે. આ સૂફિસંતે આર્થિક વિકાસની પ્રવૃત્તિ શરૂ કરી હતી. તે હતા આફ્રિકાનાં હબસી બાબા ઘોર. તે અમદાવાદનાં સ્થાપક અહમદશાહનાં સમયમાં નાઈજીરીયામાંથી ગુલામ તરીકે ભારત આવ્યા હતા અને મહંમદ બેગડાનાં સમયમાં તેનું અવસાન થયું હતું. બાબા ઘોર ગુજરાતમાં આશરે ઈ.સ. 1411 આવ્યા હતા તેમનું અવસાન ઈ.સ. 1464ની આસપાસ થયું હોવાનું માનવામાં આવે છે. બાબા ઘોરનું બાળપણ પગમાં બેડીઓ સાથે ગુલામથી શરૂ થઈ નાઈજીરીયાથી ભારતનાં ખંભાત બંદર પર આવ્યા. આ વહાણમાં એબિસીનીયન, પૂર્વ આફ્રિકાના ઝાંઝીબાર, મોગાદીસુ અને કિલ્વાના ગુલામ ભર્યા હતા. પૂર્વ આફ્રિકાનાં અંતરિયાળ પ્રદેશોમાંથી ઉપરનાં બંદરોમાં સૌપ્રથમ ભેગા કરીને ગુલામોને લાવવામાં આવતાં હતાં. આ ગુલામમાં એક હતાં બાબા ઘોર.

બાબા ઘોર ક્યારે અને કેવા સંજોગોમાં મુક્ત થયા હશે ? તેમણે હુન્નર ઉદ્યોગ અને વેપારની તાલીમ કઈ રીતે મેળવી હશે ?આ બાબત વિશે કાંઈ જાણવા મળતું નથી. પરંતુ ખંભાતનાં અકિક ઉદ્યોગમાં અને તેના વેપારમાં બાબા ઘોરનું પ્રાદન અતુલ્ય છે. અકિકનો પથ્થર રાજપીપળાથી 35

કિ.મી. દુર રતનપુર અને નિમોરામાંથી મેળવતાં હતાં. અને તેને તૈયાર કરી વિવિધ અકિકની બનાવટનો વેપાર કરતા.

બાબા ઘોર આ સ્થળે સ્થાયી થયા. તેમણે સેંકડો હબસી (સિદ્દી)ઓનો સાથ લઈ રતનપુર અને તેમની આસપાસથી ખાણોમાંથી અકિક મેળવી અકિકની સાથે કોર્નેલિયન અને જસ્પારનાં પથ્થરો એકઠા કરવાનું કામ શરૂ કર્યું, ભઠ્ઠીઓ બનાવી અને તેને ગરમ કર્યા તેને લાલ, લીલા, આછા ગુલાબી અને વાદળી, સફેદ અને કાળા કુદરતી રંગો આપ્યા. આ કર્યા બાદ હથોડી, શારડી, અને મીણનો ઉપયોગ કરીકાણા પાડ્યાં. મીણનો ઉપયોગકરી ઘસી ચળકાટવાળા બનાવ્યાં. આમાંથી વીંટી, કાનની કડી, વાળમાં નાખવાની સળી, કપ-રકાબી, ચેસબોર્ડ અને સોગઠા,રમકડાં વગેરે રંગબેરંગી આકારમાં બનાવ્યાં. કાળો રંગ ઉપસાવીને આફ્રિકન ઓળખ આપી. બાબા ઘોર દ્વારા તેમના જેવા અનેક લોકોને આમાં કુશળ બનાવ્યાં. અને વ્યાપારની શરૂઆત કરી. આ વેપાર ઈરાન, નાઈજીરીયા, અરબસ્તાન અને એબિસીનીયા સુધી મોકલ્યાં. એલેકઝાંડ્રિયા થઈને આ માલ યુરોપ સુધી પહોંચતો બાબા ઘોર એક મૂળ વતનમાંથી (જન્મભૂમિ) ગુમાવી અને કર્મભૂમી ખંભાતને બનાવી અને પોતાની કુશળતા દ્વારા તે અનેક જીવનની માટે દિવારૂપ સાબિત થયાં. આ હબસીઓ ગુજરાતમાં ગીરનાં જંગલો, જાફરાબાદ, સચીન, અમદાવાદ સ્થાયી થયાં. આફ્રિકાને બદલે તેણે નવું ઘર ગુજરાત બનાવ્યું.

બાબા ઘોર વિશે વિદેશી મુસાફરો તેને ઉદ્યોગ સાહસિકની ઉપમા આપનારા પોર્ટુગીઝ મુસાફરડરાડ બાર્બોસા હતાં. ઈ.સ. 1515માં લખ્યું કે, “બાબા ઘુરીયા અને તેની પુત્રી માઈ મરીયમના બ્રાન્ડ નેમથી હબસીઓની બનાવટો હિંદ અન હિંદની બહાર પણ લોકપ્રિય બની”

સર ફ્રાન્સીસ આલ્વારીઝે 1526માં લખ્યું કે, નિમોરી અન રતનપુરનાં પહાડો બાબા ઘોર પહાડ તરીકે ઓળખાય છે. અબુલ ફઝલ દ્વારા “આઈને અકબરીમાં”હબસી કારીગરો દ્વારા બનતી ચીજોનાં વખાણ કર્યા છે. અકબરની જાહોજલાલીમાં તેમનો એક નાનકડો હિસ્સો છે. ફ્રેન્ચ મુસાફર થેવેનો એ નોંધ્યું છે. ઈ.સ.1666માં બાબા ઘોર માઈન્સ ઉપરાંત ખંભાત અને સુરતની મુલાકાત લીધી છે. ત્યારે ખંભાત પડી ભાંગ્યું છે. અને હવે સુરતથી તેમના માલની નિકાસ કરે છે. લાલ

રંગના પારદર્શક અકીક અને કાર્નેલિયન બનાવટો બાબા ઘોરની પુત્રીના નામથી “માઈ મરીયમ”તરીકે ઓળખાય છે.

બાબા ઘોર સાહસિક તો હતાં જ પણ અંદરનો આત્મા સૂફિનો હતો. તેમણે હિંદો અને મુસ્લિમને ભેગા કર્યા અને એકતાની વાતો કરી ઉપદેશ આપ્યાં. “ધમાલ”નૃત્યની તેમની સંસ્કૃતિને પણ જીવીત રાખી અને સૂફિગીતો દ્વારા શાયરી, ગઝલ, વગેરે જીવીત રાખ્યાં. તેણે પોતાની બાળપણની ગુલામી ભૂલ્યા વગર માનવ સમાનતાની ઉપર વધારે ભાર મૂક્યો.બાબા ઘોર રતનપુરમાં મૃત્યુ પામ્યા હતા. આમની દરગાહ પર લાખો સહેલાણી ભક્તો અહિંયા આવે છે. બાબા ઘોર દ્વારા ગુજરાતી ભાષા અપનાવી હતી. પરંતુ આજે પણ અહીં રહેતા હબસી (સિદ્દી)ઓમાં તેમનાં મુળ શબ્દો જોવા મળે છે.

ગુજરાતમાં આવી અને આફ્રિકામાંથી ગુલામ બની ગુજરાતમાં ધંધા વેપારની સાથે તે અનેકના જીવનમાં પ્રકાશ પાથર્યો. આજે તેમના નામના ગુજરાતી ગીતો, ગરબા અને ધમાલ નૃત્ય દ્વારા સંસ્કૃતિનો સમન્વય જોવા મળે છે.ઈ.સ. 1889નાં “ગેઝેટિયરમાં”લખવામાં આવ્યું છે કે, તેમના પૂર્વજ એટલે હબસીઓ દ્વારા શરૂ કરવામાં હન્નર ઉદ્યોગ પડી ભાંગતાં સિદ્દી લોકોની આર્થિક દશા ખરાબ થઈ હતી.બાબા ઘોરની યાત્રા જોઈએ તો તે ગુલામ બની ઉદ્યોગપતિ અને તત્વજ્ઞાની પણ બન્યા સુફી સંત પણ કહેવાયા.

ઝઘડીયા તાલુકાથી પાંચ કિલોમીટર દુર પૂર્વમાં રતનપુર ગામ જે આજે પણ 469 જેટલા પરીવાર વસવાટ કરે છે. આફ્રિકાની સિદ્દી સંસ્કૃતિ જોવા મળે છે. અહીંના લોકો ખેતી પશુપાલન, મજુરી કરી જીવનનો ગુજારો કરે છે. અહીંનો સાક્ષરતા દર 65.3 છે. અહીં 1 થી 8 સુધીની શાળા પણ આવેલી છે. હૈદરભાઈ સિદ્દી આજે પણ જીવે છે. જે “ધમાલ નૃત્ય”ની શરૂઆત રતનપુરમાં કરી હતી. અહીં આવેલ બાબા ઘોરની દરગાહ પર ઉર્સ થાય છે. 1986માં રાજીવગાંધી વડાપ્રધાન હતા ત્યારે દિલ્લી ખાતે “ધમાલ નૃત્ય”ની શરૂઆત થઈ હતી. આજે “ધમાલ નૃત્ય”ભારતભરમાં વિખ્યાત બન્યું છે. બાબા ઘોરની દરગાહ પર આજે હિન્દુ – મુસ્લિમ અને પારસી પણ આવે છે. અહીં આજે પણ સંસ્કૃતિનો સમન્વય જોવા મળે છે.

**સંદર્ભસૂચિ :-**


- આચાર્ય નવીનચંદ્ર, ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, અમદાવાદ, ૧૯૮૪.
- ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ- ૭ મરાઠા કાળ, ભો.જે. ભવન, અમદાવાદ.
- ગુજરાતનો રાજકિય અને સાંસ્કૃતિક ઈતિહાસ – ભાગ- ૮ (બ્રિટીશ કાળ), ભો.જે. ભવન, અમદાવાદ.
- મહેતા મકરન્દ, ગુજરાતનાં ઘડવૈયા, ગ્રંથ-૧, અરૂણોદય પ્રકાશન, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૭.
- વિનોદ વસાવા, ગુજરાત મિત્ર, 11/12/2019, મંગળવાર
- લાઈવ મીન્ટ, ઈ-પેપર-મુંબઈ. ધ લેઝન્ડ ઓફ બાબા ઘોર 17 મેં 2017.
- નાયક સી. આર., સૂફિમત, ગુજરાત વિધાસભા, અમદાવાદ.
- પટેલ વિ.એ,Agate Industry of Cambay : A study સરોજ પટેલ પબ્લીકેશન, ગોધરા, 1993.
- સેદાણી હસુતાબેન શશીકાંત, ગુજરાત લોક સંસ્કૃતિ અમદાવાદ, ૧૯૯૪.
- Anirudha Gupta, "Minorities on India's West Cast: History & Society". Delhi- 1991 A.D.
- Bombay Gazatteer, Gazatter of Gazatteer of the Bombay presidency volume- IV- 1879.
- Purnima Mehta Bhatt,- The African Diaspora in India New Yoark. 2018 A.D.
- R. E. ENTHOVEN- 1922 "The Tribes and Castes of Bombay" – 1922 A.D.
- R. K. Trivedi – "Census of India- 1961 Vol- I – SIDDI – Superitendent of Census Operations Gujarat – 1961 A.D.
- Reivi, Saiyad Athar abbas, History of Sufism in India, Munshiram Manoharlal Pub.
- T. B. Naik & G. P. Pandya ,The Sidis of Gujarat, Gujarat Vidhyapith, Ahmedabad. – 1993 A.D.